નવી બાબત-
૨૦૨૨-૨૦૨૩

સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નવી સરકારી કોલેજ/પ્રવાહ શરૂ કરવા અંગેની નવી બાબત તરીકે થયેલ જોગવાઇઓના ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ED/KEF/e-file/3/2022/0018/kh
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૪/૦૫/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૩૧.૦૩.૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ કગટ૩/ન.બા.NT/૨૦૨૨-૨૩/૯૧૪-૯૧૫

ઠરાવ -

સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં બિન-આદિજાતિ વિસ્તારની લિંબાયત(સુરત) ખાતે ૧ નવી સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ શરૂ કરવા માટે તેમજ આદિજાતિ વિસ્તારમાં સંતરામપુર(મહિસાગર) ખાતે ૧ નવી સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ, તથા કાછલ(સુરત), ડેડિયાપાડા(નર્મદા), અને ખેરગામ (નવસારી) ખાતેની હયાત સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા માટેની નવી બાબત તરીકે સમાવેશ કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) પરના પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ દરખાસ્ત કરી હતી જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં બિન-આદિજાતિ વિસ્તારની લિંબાયત(સુરત) ખાતે ૧ નવી સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ શરૂ કરવા માટે તેમજ આદિજાતિ વિસ્તારમાં સંતરામપુર(મહિસાગર) ખાતે ૧ નવી સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ, તથા કાછલ(સુરત), ડેડિયાપાડા(નર્મદા), અને ખેરગામ (નવસારી) ખાતેની હયાત સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા માટે આ સાથે દર્શાવેલ શરતોને આધીન તથા સામેલ પત્રકમાં દર્શાવેલ જગાઓનાં પગારભથ્થાંના ખર્ચ પેટે અનુક્રમે રૂ.૭૫.૦૦ લાખ અને રૂ.૨૯૦.૭૮લાખ એમ કુલ રૂ.૩૬૫.૭૮/- લાખની સને ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં

Scanned with OKEN Scanner

કરવામાં આવેલ બજેટ જોગવાઇનો ખર્ચ કરવા માટે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

a. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

b. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

c. આ મંજુરી અંગેના કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

d. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

e. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

f. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

g. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરી અપેક્ષાએ કે પાશ્વાદવર્તી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહીં.

h. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

i. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

j. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સિંગથી કરાવવાની રહેશે.

રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની

... કચેરીએ રાજ્ય સરકારની

Scanned with OKEN Scanner

રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

u. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

v. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

w. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

x. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીની રહેશે.

y. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતી ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભગાના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

z. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવ્યા મુજબના બજેટ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

| ક્રમ | યોજનાનું નામ | બજેટ સદર | વર્ષ ૨૦૨૨-૨૩માં થયેલ બજેટ જોગવાઈ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧ | સુરત જિલ્લાના લિંબાયત ખાતે આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ શરૂ કરવા માટે (બિન-આદિજાતિ વિસ્તાર) | માંગણી નં. -૦૦૯<br>૨૨૦૨-૦૩-૧૦૩-૦૧<br>ઈડીએન-૨૮ | રૂ. ૭૫.૦૦ |

Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| મહિસાગર જિલ્લાના સંતરામપુર ખાતે નવી વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ, સુરત જિલ્લાના કાછલ, નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને નવસારી જિલ્લાના ખેરગામ ખાતે કાર્યરત સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા માટે (આદિજાતિ વિસ્તાર) | માંગણી નં. -૯૬<br>૨૨૦૨-૦૩૭૯૬-૦૪<br>ઈડીએન-૨૮ | રૂ. ૨૯૦.૭૮ |

આ ઠરાવ સરકારશ્રીની ઈ-સરકાર એપ્લીકેશન ઉપર નાણા વિભાગની તા.૨૦/૦૫/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હાર્દિક ભીલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સબંધિત જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સબંધિત જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- આચાર્યશ્રી, સબંધિત કોલેજ(ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.
- ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઈલ

Scanned with OKEN Scanner

## પરિશિષ્ટ-૧

શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ ED/KEF/e-file/3/2022/0018/KH સાથેનું પત્રક

બિન-આદિજાતિ વિસ્તારની ૦૧ નવી સરકારી કોલેજ (નવી મંજૂર જગ્યાઓ સાથે) શરૂ કરવા અંગેની નવી બાબત : સને ૨૦૨૨-૨૩

### મહેકમની વિગતો

| ક્રમ | કોલેજનું નામ/પ્રવાહ | નવી મંજૂર જગ્યાઓ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સુરત જિલ્લાના લિંબાયત ખાતે આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ શરૂ કરવા માટે | આચાર્ય | ૦૧ |
| ૨. | | આસી. પ્રોફેસર | ૦૮ |
| 3. | | ગ્રંથપાલ | ૦૧ |
| ૪. | | પી.ટી. આઈ | ૦૧ |
| ૫. | | લેબ.આસીસ્ટન્ટ | ૦૧ |
| ૬. | | શ્રેયાન ક્લાર્ક | ૦૨ |
| ૭. | | જુનિયર ક્લાર્ક | ૦૧ |
| ૮. | | પટાવાળા(આઉટસોર્સ) | ૦૨ |
| | | કુલ | ૧૭ |

Scanned with OKEN Scanner

<u>પરિશિષ્ટ-૨</u>

શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: ED/KEF/e-file/3/2022/0018/KH સાથેનું પત્રક

**<u>આદિજાતિ વિસ્તારની ૦૧ નવી સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ તથા ૦૩ કાર્યરત કોલેજમાં નવો વિજ્ઞાન પ્રવાહ (નવી મંજૂર જગ્યાઓ સાથે) શરૂ કરવા અંગેની નવી બાબત : સને ૨૦૨૨-૨૩</u>**

<u>મહેકમની વિગતો</u>

| ક્રમ | હોદ્દો | સંતરામપુર (મહિસાગર) | કાછલ (સુરત) | ડેડિયાપાડા (નર્મદા) | ખેરગામ (નવસારી) | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | નવી વિજ્ઞાન કોલેજ | વિજ્ઞાન પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ | |
| | ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| | નવી મંજૂર જગ્યાઓ | | | | | |
| | આચાર્ય | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| 1. | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૬ | ૦૬ | ૦૬ | ૦૬ | ૨૪ |
| 2. | ગ્રંથપાલ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| 3. | પી.ટી.આઈ. | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| 4. | લેબ. આસીસ્ટન્ટ | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૩ | ૧૨ |
| 5. | શ્રેયાન ક્લાર્ક | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| 6. | જુનિયર ક્લાર્ક | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |
| 7. | પટાવાળા (આઉટસોર્સ) | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૩ | ૧૨ |
| | કુલ | ૧૭ | ૧૪ | ૧૪ | ૧૪ | ૫૯ |
| | રકમ | ૯૭.૧૯ | ૬૪.૫૩ | ૬૪.૫૩ | ૬૪.૫૩ | ૨૯૦.૭૮ |

Scanned with OKEN Scanner